# ૪.૮ તમારી વિચાર ધારા સારી કે ખરાબ? છ લેશ્યા




jainuniversity.org

સ્ફટિકરત્ન વિશુદ્ધ, સ્વચ્છ અને પારદર્શી છે. તેમ આત્મા પણ તેના મૂળભૂતરૂપમાં એકદમ વિશુદ્ધ અને પારદર્શી છે. અને સ્ફટિક રત્ન સામે જે રંગ ધરવામાં આવે છે તેવા રંગનું તે દેખાય છે. એ જ પ્રમાણે આત્મા ઉપર જ્યારે પુદ્‌ગલ દ્રવ્યો આધિપત્ય જમાવે છે. ત્યારે આત્મા જુદા જુદા રૂપો ધારણ કરે છે. પુદ્‌ગલ દ્રવ્યોના સંસર્ગથી આત્મા વિભિન્ન વિવિધ પરિણામી દેખાય છે. જૈન દર્શને આ પરિણામોને એક નામ આપ્યું ‘લેશ્યા’.

લેશ્યા એટલે મનોવૃત્તિ.

લેશ્યા એટલે મનોગત વૃત્તિ અને વિચાર.

વિચારની, વાતાવરણની, તેમજ આહાર–વિહારની તન અને મન ઉપર તીવ્ર કે મંદ અસર અચૂક પડે છે. એ અસર અનુસાર શરીરનો રંગ બદલાય છે. દા.ત. ગુસ્સામાં માણસનો ચહેરો લાલ રંગનો થઈ જાય છે. નિરાશા અને હતાશામાં ડૂબેલાનો ચહેરો રાખ જેવો ફિક્કો હોય છે. આ બધા રંગપલ્ટા લેશ્યાને આભારી છે. વૃત્તિ અને વિચારથી બદલાતા રંગોના આધારે લેશ્યાનું વૈજ્ઞાનિક વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

લેશ્યા જૈન પારિભાષિક શબ્દ છે. તેનો સંબંધ માનસિક વિચારો કે ભાવનાઓ સાથે છે. મન, શરીર અને ઈન્દ્રિય પૌદ્‌ગલિક છે. મનુષ્ય બહારથી પુદ્‌ગલોને ગ્રહણ કરે છે અને તદનુસાર તેનું વ્યક્તિત્વ ઘડાય છે. તેના આંતર વ્યક્તિત્વની જે આભા તેની આસપાસ સર્જાય છે, તેને જૈન દૃષ્ટિએ લેશ્યા કહેવામાં આવે છે. અન્ય શબ્દોમાં તેને ‘ઓરા’ અથવા આભામંડળ કહેવામાં આવે છે. તેના વિશે વૈજ્ઞાનિક જગતમાં પણ ઘણું સંશોધન થયું છે. તેના ફોટા લેવાનો પણ પ્રયત્ન કરવામાં આવે છે. તેને આધારે વ્યક્તિ જીવિત છે કે મૃત, તેનો નિર્ણય પણ ક્યારેક કરવામાં આવે છે. યોગ સિદ્ધ ગુરુને માટે તે આવશ્યક છે. તે તે ‘ઓરા’ના વિશેષજ્ઞ હોય ! શિષ્યની પરીક્ષા તે ‘ઓરા’ દ્વારા કરે છે. ‘ઓરા’ અથવા ‘લેશ્યા’ આપણી આંતરિક પરિસ્થિતિનું પ્રતિબિંબ છે. વ્યક્તિ પોતાનાં દુરિત કર્મો કે ભાવોને છુપાવવાનો ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ આભામંડળના વિશેષજ્ઞથી તે પોતાની સ્થિતિ છુપાવી શકતો નથી. શરીરમાંથી ઉત્પન્ન થતી આભા વ્યક્તિના વિચારો કે ભાવોનું પ્રતિક્ષણ પ્રતિનિધિત્વ કરતી હોય છે. તે રંગોના માધ્યમથી અભિવ્યક્ત થાય છે. મહાપુરુષોના મસ્તક પાછળ જે આભા–વલય દેખાય છે, તે તેમના મનની શાંત સ્થિતિમાં નિર્મિત ઓરા–આભામંડળ હોય છે.

**જૈન દર્શનમાં લેશ્યા :**

જૈનાગમોમાં લેશ્યાના પ્રમુખ બે પ્રકાર માનવામાં આવ્યા છે : ૧. દ્રવ્ય લેશ્યા, અને ૨. ભાવ લેશ્યા.

**દ્રવ્ય લેશ્યા**

દ્રવ્ય લેશ્યા સૂક્ષ્મ ભૌતિકી તત્ત્વો દ્વારા નિર્મિત તે આંગિક સંરચના છે, જે આપણા મનોભાવો અને તજજનિત કર્મોનું સાપેક્ષ રૂપમાં કારણ અથવા કાર્ય બને છે. જેવી રીતે પિત્ત દ્રવ્યની બહુલતાથી સ્વભાવ ક્રોધી બને છે અને ક્રોધને કારણે પિત્તવૃદ્ધિ થાય છે. તેવી રીતે આ સૂક્ષ્મ ભૌતિક તત્ત્વોથી મનોભાવ બને છે અને મનોભાવ હોવાને કારણે આ સૂક્ષ્મ સંરચનાઓનું નિર્માણ થાય છે.

તેને માટે પંડિત સુખલાલજી દ્વારા અને અભિધાન રાજેન્દ્રકોશ (ખંડ – ૬ પૃ. ૬૭૫)માં નીચે પ્રમાણે ત્રણ મત પ્રદર્શિત કરવામાં આવ્યા છે :

jainuniversity.org

૧. લેશ્યાદ્રવ્યકર્મવર્ગણાઓથી બનેલું છે. આ ઉત્તરાધ્યયન સૂત્રની ટીકામાં છે.

૨. લેશ્યાદ્રવ્ય બધ્યમાન કર્મપ્રવાહરૂપ છે, આ મત પણ ઉત્તરાધ્યયનની ટીકામાં વાદિવૈતાલ શાન્તિસૂરિનો છે.

૩. લેશ્યાયોગના પરિણામરૂપ અર્થાત્ શરીર–મન અને વાણીની ક્રિયાઓના પરિણામરૂપ છે. આ મત આચાર્ય હરિભદ્ર સૂરિજીનો છે.

**ભાવ લેશ્યા :**

ભાવ લેશ્યા આત્માનો અધ્યવસાય અથવા અંતઃકરણની વૃત્તિ છે. પંડિત સુખલાલજીના શબ્દોમાં ભાવ લેશ્યા આત્માનો મનોભાવ વિશેષ છે, જે સંક્લેશ અને યોગથી પ્રેરાયેલો છે. સંક્લેશની તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ તથા મન્દ, મન્દતર, મન્દતમ વગેરે અનેક સ્થિતિ હોવાથી લેશ્યાના પણ અનેક પ્રકાર આપવામાં આવ્યા છે. પરંતુ મુખ્યત્વે મનોભાવના શુભત્વ અને અશુભત્વને આધારે પ્રશસ્તની દૃષ્ટિએ મુખ્ય છ ભાગ નીચે પ્રમાણે આપ્યા છે.

**અપ્રશસ્ત મનોભાવ :**

| | | | |
|---|---|---|---|
| ૧. | કૃષ્ણ લેશ્યા | – | તીવ્રતમ અપ્રશસ્ત મનોભાવ |
| ૨. | નીલ લેશ્યા | – | તીવ્રતર અપ્રશસ્ત મનોભાવ |
| ૩. | કાપોત લેશ્યા | – | (તીવ્ર) અપ્રશસ્ત મનોભાવ |

**પ્રશસ્ત મનોભાવ :**

| | | | |
|---|---|---|---|
| ૪. | તેજો લેશ્યા | – | (તીવ્ર) પ્રશસ્ત મનોભાવ |
| ૫. | પદ્મ લેશ્યા | – | તીવ્રતર પ્રશસ્ત મનોભાવ |
| ૬. | શુક્લ લેશ્યા | – | તીવ્રતમ પ્રશસ્ત મનોભાવ |

લેશ્યાઓ મનોભાવોનું જ કેવળ વર્ગીકરણ નથી, પરંતુ તે ક્રિયાઓના રૂપમાં બાહ્ય અભિવ્યક્તિ પણ પામે છે, અર્થાત્ વ્યક્તિના ચારિત્ર્યનો પણ દ્યોતક છે. તેથી જૈન દર્શનમાં લેશ્યાના સંદર્ભમાં મનોભાવ અને મનોક્રિયાની સાથે પ્રત્યુત્પન્ન જીવનના કર્મક્ષેત્રમાં ઘટિત થનારા સર્વ વ્યવહારોની પણ ચર્ચા કરી અને નૈતિક દૃષ્ટિએ પણ તેનું મહત્ત્વ બતાવ્યું છે.

જૈન લેશ્યા–સિદ્ધાન્તનું છ પ્રકારનું વર્ગીકરણ માત્રાત્મક અંતરોના આધારે ત્રણ નય, ૮૧ (એકયાશી) અને ૨૪૩ (બસો તેંતાલીસ) પેટા પ્રકારો સુધી વિસ્તર્યું છે. પણ તેમાં આગળ કહેલી છ લેશ્યાઓ વિશેષ મહત્ત્વની છે.

જૈન દર્શનમાં લેશ્યાઓના છ પ્રકાર આપવામાં આવ્યા છે : કૃષ્ણ, નીલ, કાપોત, તેજ, પદ્મ અને શુકલ. જૈન આગમોમાં તેનું વર્ણન આ પ્રમાણે મળે છે.

કિણ્હા નીલા કાઊ, તિણ્ણિ વિ એયાઓ અહમ્મલેસાઓ,
એયાહી તિહિ વિ જીવો, દુગ્ગઈં ઉવ્વજ્જઈ બહુસો (૪)
તેઉ પમ્હા સુક્કા, તિણ્ણિ વિ એયાઓ ધમ્મલેસાઓ,
એયાહિ તિહિ વિ જીવો, સુગ્ગહં ઉવ્વજ્જઈ બહુસો (૫)

કૃષ્ણ, નીલ અને કાપોત – આ ત્રણે અધમ અથવા અશુભ લેશ્યાઓ છે. તેને કારણે જીવ વિવિધ દુર્ગતિઓમાં ઉત્પન્ન થાય છે દુઃખ પામે છે.

તેજ, પદ્મ અને શુક્લ તે ત્રણ ધર્મ લેશ્યા છે, તેનાથી જીવ સુગતિમાં ઉત્પન્ન થાય છે.

કૃષ્ણ, નીલ અને કાપોત આ ત્રણ અશુભ લેશ્યાઓમાંથી પ્રત્યેકના તીવ્રતમ, તીવ્રતર અને તીવ્ર એવા ત્રણ ભેદ હોય છે. ત્રણ શુભ લેશ્યાઓના પ્રત્યેકના મન્દ, મન્દતર ને મન્દતમ એવા ત્રણ પ્રકાર પડે છે. તીવ્ર અને મન્દની અપેક્ષાથી પ્રત્યેકમાં અનંત ભાગ–વૃદ્ધિ, અસંખ્યાત ભાગ–વૃત્તિ, સંખ્યાત ભાગ–વૃત્તિ, સંખ્યાત ગુણ–વૃદ્ધિ એ  છ વૃદ્ધિઓ અને છ હાનિ સદૈવ હોય છે. તેથી લેશ્યાઓની સ્થિતિમાં હાનિ–વૃદ્ધિ થતી રહે છે, તેની એક સરખી પરિસ્થિતિ હોતી નથી.

**કૃષ્ણ લેશ્યા** : સ્વભાવની ઉગ્રતા હોય, વેરની મજબૂત ગાંઠ હોય, ઝઘડાખોર વૃત્તિ હોય, ધર્મહીનતા હોય અને દયાહીનતા, દુષ્ટતા, સમજાવવા છતાં ન માનવું એ કૃષ્ણ લેશ્યાનું લક્ષણ છે. આ નૈતિક વ્યક્તિત્વનું સૌથી નિકૃષ્ટરૂપ અથવા અશુભતમ મનોભાવ છે. આ અવસ્થામાં વ્યક્તિના વિચાર અત્યંત નિમ્ન કોટિના અને ક્રૂર હોય છે. તે પોતાની શારીરિક, માનસિક કે વાચિક ક્રિયાઓ પર નિયંત્રણ રાખવા અક્ષમ હોવાને કારણે, શુભાશુભનો વિચાર કર્યા વગર ઈન્દ્રિય–વિષયોની પૂર્તિમાં ભોગવિલાસમાં જ તલ્લીન રહે છે, ભોગેચ્છાની તૃપ્તિ માટે ચોરી, વ્યભિચાર અને સંગ્રહમાં જ તેનું ચિત લાગેલું છે. સ્વભાવથી નિર્દય હોવાને કારણે તે હિંસા પણ કરે છે. પોતાના ક્રૂર સ્વભાવથી વશીભૂત થઈને, પોતાના હિતાહિતનો વિચાર કર્યા વગર જ અન્ય પ્રત્યે ક્રૂર વર્તન કરે છે અથવા તેમનું અહિત કરે છે. પોતાના હિતના અભાવમાં પણ બીજાનું અહિત કરે છે.

**નીલ લેશ્યા** : મંદતા, બૃદ્ધિહીનતા, અજ્ઞાન અને વિષયલોલુપતા – સંક્ષેપમાં નીલ લેશ્યાનું લક્ષણ છે. નીલ લેશ્યાથી યુક્ત વ્યક્તિના મનોભાવ, કૃષ્ણ–લેશ્યાવાળા વ્યક્તિ કરતા ઓછા–અશુભ–અશુભતર હોય છે. આ અવસ્થામાં તેનો વ્યવહાર વાસનાત્મક પક્ષથી જ શાસિત થાય છે. પણ તે વાસનાપૂર્તિ માટે બુદ્ધિપૂર્વક વર્તે છે. તેથી બહારથી તેનું વર્તન પ્રમાર્જિત લાગે છે, પણ તેની પાછળ કુટિલતા પણ હોય છે તે વિરોધીનું અહિત અપ્રત્યક્ષરૂપે કરે છે. તે ઈર્ષ્યાળુ, અસહિષ્ણુ, અસંયમી, અજ્ઞાની, કપટી, નિર્લજ્જ, દ્વેષબુદ્ધિથી યુક્ત થતા પ્રમાદી હોય છે. તે પોતાના અલ્પ હિત માટે બીજાને મોટું અહિત પણ કરે છે, અને ત્યારે બીજાનું હિત કરે છે, ત્યારે તેની પાછળ તેનો ઊંડો સ્વાર્થ હોય છે.

**કાપોત લેશ્યા** : જલદી રુષ્ટ થવું, બીજાઓની નિન્દા કરવી, દોષારોહણ કરવું, અતિ શોકાકુળ બનવું, અત્યંત ભયભીત થવું – એ કાપોત લેશ્યાનું લક્ષણ છે.
કાપોત – લેશ્યાથી યુક્ત વ્યક્તિ અશુભ મનોવૃતિ વાળી હોય છે. તેની મનોવૃતિ દૂષિત હોય છે અને મન–વચન–કર્મથી તેનો વ્યવહાર એકરૂપ હોતો નથી. પોતાના દોષોને છુપાવવાનો પ્રયત્ન કરે છે બીજાનું ધન લઈ લેનાર અને સ્વાર્થસિદ્ધિ માટે અન્યનું અહિત કરનાર હોય છે.

**તેજ (પીત)લેશ્યા:** કાર્ય–અકાર્યનું જ્ઞાન, શ્રેયાશ્રેયનો વિવેક, સર્વ પ્રતિ સમભાવ, દયા–દાનમાં પ્રવૃતિ – એ પીત કે તેજો લેશ્યાનું લક્ષણ છે.
તેજો લેશ્યાવાળી વ્યક્તિની મનોવૃદ્ધિ શુભ અને પવિત્ર હોય છે. તે સુખાપેક્ષી હોય છે, પણ અનૈતિક આચરણમાં તે પ્રવૃત્ત થતો નથી. પોતાના હિતનો ધ્વંસ કરનાર પ્રત્યે તે ઉદાર રહી શકતો નથી, અને તેનું અહિત કરવા પ્રેરાય છે. અન્યથા આ મનોભૂમિકામાં વ્યક્તિ પવિત્ર આચરણ કરનાર, નમ્ર સંયમી વિનીત અને ધૈર્યવાન હોય છે.

**પદ્મ લેશ્યા** : ત્યાગશીલતા, ભદ્રતા, પ્રમાણિકતા, કાર્યમાં ઋજુતા, અપરાધીઓ પ્રતિ ક્ષમાશીલતા, સાધુ કે ગુરુજનોની પૂજા–સેવામાં તત્પરતા– એ પદ્મ લેશ્યાનું લક્ષણ છે.
પીત લેશ્યા કરતા આ શુભતર લેશ્યા છે. આ મનોભૂમિમાં ક્રોધાદિ કષાયોની માત્રા ઘણી અલ્પ રહે છે, કે નહિવત્ બને છે. તે અલ્પભાષી, સંયમી, યોગી અને પ્રસન્નચિત્ત વાળો હોય છે.

**શુક્લ લેશ્યા** : પક્ષપાત ન કરવો અને તેનો નિર્ણય પણ ન આપવો, સર્વ પ્રત્યે સમદર્શી રહેવું, રાગ–દ્વેષ અને સ્નેહથી વિરત થવું – તે શુકલ લેશ્યાનું લક્ષણ છે. વ્યક્તિમાં પવિત્રતાની માત્રા અધિક હોય છે તે મન–વચન–કર્મથી એક રૂપ હોય છે અને પોતાના હિત માટે પણ અન્યને કષ્ટ આપતા સંકોચ પામે છે. તે ઉપશાંત, જિતેન્દ્રિય અને પ્રસન્નચિત્ત હોય છે તેથી સ્વકર્તવ્ય અને સ્વધર્મમાં નિમગ્ન રહે છે.
શુક્લ લેશ્યાથી યુક્ત વ્યક્તિની મનોવૃતિ પરમ શુભ કે શુભતમ હોય છે, આ મનની સર્વોચ્ચ ભૂમિકા છે. પીત અને પદ્મ લેશ્યાના શુભ ગુણોની વિશુદ્ધિની માત્રા અહીં અધિકતમ હોય છે.

આ છ લેશ્યાના લક્ષણની વિભિન્નતા નીચેના સુંદર દૃષ્ટાંત દ્વારા સમજાવી છે:

છ યાત્રીઓ હતા. જંગલની મધ્યમાં આવતા માર્ગ ભૂલી ગયા. ક્ષુધાથી વ્યાકુળ થવા લાગ્યા. થોડો સમય ચાલ્યા પછી તેમણે ફળોથી લચેલું વૃક્ષ જોયું. તેમને ફળ ખાવાની ઈચ્છા થઈ. તેનો મનોમન વિચારવા લાગ્યા. પ્રથમ યાત્રીએ વિચાર્યું કે વૃક્ષને મૂળમાંથી જ કાપી નાખીને તેનાં ઉપરનાં ફળ મેળવવાં. બીજાએ વિચાર્યું કે વૃક્ષને થડમાંથી જ કાપવું – મૂળસહિત કાપવાની જરૂર નથી. ત્રીજાએ જણાવ્યું કે થડના ઉપરના ભાગની મોટી શાખા–મોટી ડાળી જ તોડીએ – ચોથા યાત્રીએ જેના ઉપર ફળ હતાં તે ઉપશાખા – નાની ડાળી જ તોડવાની સલાહ આપી. પાંચમો ઈચ્છતો હતો કે કેવળ ફળ જ તોડવાં જોઈએ. છઠ્ઠા યાત્રીએ જણાવ્યું વૃક્ષ ઉપરથી પાકીને નીચે પડેલા ફળો જ કેવળ વીણીને ખાવાં જોઈએ.

આ છ યાત્રીઓના વિચાર, વાણી અને કર્મ ક્રમશઃ છ લેશ્યાઓનાં ઉદાહરણ છે.

લેશ્યાની શુદ્ધિ માટે કષાયોને ક્ષીણ કરવા જોઈએ. કારણ

આત્મપરિણામોમાં વિશુદ્ધ થવાથી લેશ્યાની વિશુદ્ધિ થાય છે. અને કષાયોની મંદતાને પરિણામે જ આત્માની ઉપશુદ્ધિ સંભવે છે.

આ સિવાય લેશ્યાને અગિયાર પ્રકારે પણ જણાવી શકાય જેમ કે;

(૧) નામ, (૨) વર્ણ, (૩) રસ, (૪) ગંધ, (૫) સ્પર્શ, (૬) પરિમાણ, (૭) લક્ષણ, (૮) સ્થાન, (૯) સ્થિતિ, (૧૦) ગતિ અને (૧૧) ચ્યવન.

**લેશ્યાનો વર્ણ:**

- કૃષ્ણ લેશ્યાનો વર્ણ, જળવાળાં કાળાડિંબાગ વાદળ, પાડાનાં શિંગડાં, અરીઠા, ગાડાની મળી, કાજળ અને આંખની કીકી જેવો **શ્યામ** હોય છે.
- નીલ લેશ્યાનો વર્ણ **લીલાં** અશોક વૃક્ષ, નીલ માંસ પક્ષીની પાંખ અને સ્નિગ્ધ વૈડૂર્ય નીલમણિ જેવો હોય છે.
- કાપોત લેશ્યાનો વર્ણ અળશીનાં ફૂલ, કોયલની પાંખ અને પારેવાની ડોક જેવો હોય છે. (કાંઈક કાળો અને કાંઈક લાલ). **કથ્થાઈ.**
- તેજો લેશ્યાનો વર્ણ હિંગળાના જેવો, ઊગતા સૂર્ય જેવો, સૂડાની ચાંચ જેવો અને દીપકની પ્રભા જેવો હોય છે. **રાતો.**
- પદ્મ લેશ્યાનો વર્ણ હળદરના કટકા જેવો અને શણના તથા અશણના (ધાન્ય વિશેષ) ફળનાં રંગ જેવો **પીળો** જાણવો. **સુવર્ણ જેવો**.
- શુક્લ લેશ્યાનો વર્ણ શંખ, અંકરત્ન, મચકુંદના ફૂલ, દૂધની ધાર અને રૂપાના હાર જેવો **ઉજ્જવલ** હોય છે.

**લેશ્યાઓનો રસ :**

કૃષ્ણ લેશ્યાનો રસ કડવો, નીલ લેશ્યાનો રસ તીખો, કાપોત લેશ્યાનો તુરો, તેજો લેશ્યાનો ખટ-મીઠો ૭૦ ટકા ખાટો - ૩૦ ટકા મીઠો, પદ્મ લેશ્યાનો વધારે ખટ - મીઠો ૩૦ ટકા ખાટો ૭૦ ટકા મીઠો અને શુક્લ લેશ્યાનો રસ મધુર અર્થાત્ મીઠો જાણવો.

**લેશ્યાની ગંધ :**

કૃષ્ણ, નીલ અને કાપોતી એ ત્રણ અશુભ લેશ્યાઓની ગંધ મરેલા પશુની ગંધ કરતાં અનંતગણી ખરાબ. દેવતાઓ આ ગંધના કારણે ન આવે. તેજો-પદ્મ-શુક્લ તે ત્રણ શુભ લેશ્યાઓની ગંધ સુગંધી પુષ્પોની ગંધ જેવી સુમધુર હોય છે.

**લેશ્યાઓનો સ્પર્શ :**

કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યાઓનો સ્પર્શ અત્યંત કઠોર કર્કશ હોય છે. તેજો-પદ્મ-શુક્લ લેશ્યાઓનો સ્પર્શ ફૂલ કરતાં પણ અનંતગણો કોમળ હોય છે.

**પરિમાણ :**

એ છએ લેશ્યાઓનાં પરિણામો અનુક્રમે ત્રણ, નવ, સત્તાવીસ, એકાસી અને બસો તેતાળીશ પ્રકારના જાણવાં.

**સ્પષ્ટતા :** ત્રણ એટલે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ પછી જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટના ક્રમથી ત્રણ ત્રણ ભેદો વધારતા જવા.

**(ખાસ જાણવા જેવા)લેશ્યાના લક્ષણ :**

(૧) પાંચે આસ્રવો (મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભયોગ)નું નિરંતર સેવન કરનાર મન, વચન, કાયાથી અસંયમી, છકાયની હિંસાથી નહિ વિરમેલો, આરંભમાં આસક્ત, પાપનાં કાર્યોમાં મશગુલ અને ક્ષુદ્ર તે **કૃષ્ણ** લેશ્યાવાળા જીવાત્માના લક્ષણ જાણવાં. વળી,

ક્રૂર, અજિતેન્દ્રિય, સર્વનું અહિત કરનાર, કુટિલ ભાવનાવાળો અને આવા બધા યોગોથી જોડાયેલો જીવ **કૃષ્ણ** લેશ્યાના પરિણામવાળો જાણવો.

(૨) ઈર્ષાળુ, કદાગ્રહી, તપ નહિ આદરનાર, અજ્ઞાની, માયાવી, નિર્લજ્જ, લંપટ, દ્વેષી, રસલોલુપી, શઠ, પ્રમાદી, સ્વાર્થી, આરંભી, શુદ્ર અને સાહસિક ઈત્યાદિ ક્રિયાઓથી જોડાયેલો જીવાત્મા **નીલ લેશ્યા**વાળો જાણવો.

(૩) વાણી અને વર્તનમાં વક્ર, માયાવી, અભિમાની, પોતાના દોષને છુપાવનાર, પરિગ્રહી, અનર્થ મિથ્યાક્ દૃષ્ટિ, ચોર, અભિમાની અને બીજાના કાળજાને ભેદી નાખે તેવો કઠોરભાષી, આ બધા યોગોથી જોડાયેલો જીવાત્મા **કાપોત લેશ્યા**વાન કહેવાય છે.

(૪) નમ્ર, ચપળ, સરળ, અકુતૂહલી, વિનીત, દાની, તપસ્વી, યોગી, ધર્મમાં દૃઢ, ધર્મપ્રેમી, પાપભીરુ અને કલ્યાણનો ઈચ્છુક વગેરે વિશેષણોથી જોડાયેલો જીવાત્મા **તેજોલેશ્યા**વાન કહેવાય છે.

(૫) જે મનુષ્યને ક્રોધ, માન, માયા અને લોભ અલ્પ હોય. ચિત્ત શાંત હોય, દમિતેન્દ્રિય યોગી, તપસ્વી અલ્પભાષી, ઉપશમ રસમાં જીવનાર અને જિતેન્દ્રિય હોય તે **પદ્મલેશ્યા**વાન જાણવો.

(૬) આર્ત અને રૌદ્ર એ બન્ને દુર્ધ્યાનોને છોડીને જે ધર્મ અને શુકલ ધ્યાન ધરે છે. તથા રાગદ્વેષ રહિત, શાંત ચિત્તવાળો, દમિતેન્દ્રિય અને પાંચ સમિતિઓ તથા ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, અલ્પરાગી અથવા વીતરાગી, ઉપશાંત અને જિતેન્દ્રિય આદિ વ્યાપારોથી જોડાયેલો હોય છે તે જીવ **શુક્લ લેશ્યા**વાન જાણવો.

... લેશ્યાવાન જીવોનાં લક્ષણો કહ્યાં પછી હવે આપણે એ જાણી એ કે:

**લેશ્યા સ્થાન:**

અસંખ્યેય અવસર્પિણી અને ઉત્સર્પિણીનાં જેટલા સમય અને અસંખ્યાતીત લોકના જેટલા આકાશ–પ્રદેશો હોય તેટલાં શુભ–અશુભ લેશ્યાઓનાં સ્થાનો જાણવાં.

**લેશ્યા સ્થિતિ:**

(અ) **કૃષ્ણ લેશ્યા**ની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત (૪૮ મીનીટ) અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની ઉપર એક મુહૂર્ત જાણવી.

**સ્પષ્ટતા** પરલોકમાં જે લેશ્યા મળવાની હોય તે લેશ્યા મરણ પહેલાં એક અંતર્મુહૂર્ત ઉમેર્યું છે.

(બ) **નીલ લેશ્યા**ની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દસ સાગરોપમ ઉપર પલ્યોપમના અસંખ્યાતમો ભાગ વધારે જાણવી.

(ક) **કાપોત લેશ્યા**ની સ્થિતિ જઘન્ય, અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમ ઉપર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ વધારે જાણવી.

(ખ) **તેજો લેશ્યા**ની સ્થિતિ જઘન્ય, અંતર્મુહૂર્ત એ ઉત્કૃષ્ટ બે સાગરોપમની ઉપર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ વધારે જાણવી.

(ગ) **પદ્મ લેશ્યા**ની સ્થિતિ જઘન્ય, અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દસ સાગરોપમની ઉપર એક અંતર્મુહૂર્ત અધિક જાણવી.

(ચ) **શુક્લ લેશ્યા**ની સ્થિતિ જઘન્ય, અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાસગરોપમની ઉપર એક અંતર્મુહૂર્ત અધિક જાણવી.

ઉપર પ્રમાણે લેશ્યાઓની સમુચ્ચય (સંગ્રહ) સ્થિતિ કહી. **ચારે ગતિઓમાં લેશ્યાઓની સ્થિતિ ભિન્ન ભિન્ન પ્રકારે છે.**

**રંગ અને લેશ્યાનો સંબંધ :**

લેશ્યાના નામ દ્વારા સમજી શકાય છે કે તે નામ અંદરથી ઉત્પન્ન થતી આભાને આધારે નક્કી કરવામાં આવ્યા છે. આભાના રંગ દ્વારા વ્યક્તિનું માનસ સમજી શકાય છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત લેશ્યામાં રંગનું પ્રભુત્વ છે. વૈજ્ઞાનિકો એ 'ઓર'ના પણ લગભગ આવા જ રંગો નિર્ધારિત કર્યા છે. વૈજ્ઞાનિક પરીક્ષણથી સિદ્ધ થયું છે કે બહારના રંગો પણ વ્યક્તિને પ્રભાવિત કરે છે. બહારના રંગોનું ધ્યાન-ચિંતન કરીને આંતરિક રંગોમાં પણ પરિવર્તન કરી શકાય છે. તેને આધારે જ રંગ-ચિકિત્સા પદ્ધતિથી શારીરિક અને માનસિક રોગોને મટાડવામાં આવે છે.

વ્યક્તિના વિચારો કે ચિંતન સાથે પણ રંગોનો સંબંધ છે. મનમાં અનિષ્ટ વિચારો કે ચિંતન ચાલતું હોય તો ચિંતનના પુદ્‌ગલ કાળા વર્ણના હોય છે- કૃષ્ણ લેશ્યા હોય છે. ઈષ્ટ કે શુભ ચિંતન-હિત-ચિંતન કરવાથી - તેની યાત્રા પ્રમાણે પુદ્‌ગલ લાલ-પીત કે શ્વેત વર્ણના બને છે. તેનાથી તેજો લેશ્યા, પદ્મ લેશ્યા કે શુકલ લેશ્યા બને છે. જે પ્રકારના વિચાર અને કાર્ય હોય છે તે પ્રકારનો લેશ્યાનો રંગ હોય છે.

આ પ્રમાણે પ્રત્યેક વ્યક્તિના શરીરની આસપાસ એક વિશિષ્ટ પ્રકારનું આભામંડળ કે લેશ્યા હોય છે. આંખ દ્વારા જોઈ શકાતી નથી, પણ તેનો અનુભવ કરી શકાય છે. આપણે અલગ અલગ વ્યક્તિઓના સામીપ્યમાં હોઈએ છીએ ત્યારે ક્યારેક મનમાં અકારણ ઉદાસીનતા, ઘેરી નિરાશા કે ક્ષોભનો અનુભવ કરીએ છીએ અને ક્યારેક અહેતુક પ્રસન્નતા, સ્ફૂતિ અને આનંદની અનુભૂતિ થાય છે. તેનું કારણ દરેક વ્યક્તિની આસપાસ આવેલુ આભામંડળ છે. અપ્રશસ્ત લેશ્યાઓ દુઃખ સંતાપ કે નિરાશા પ્રેરે છે અને પ્રશસ્ત લેશ્યા આનંદ-ઉત્સાહ અને આશા ઉત્પન્ન કરે છે.

રંગોની શરીર અને મન પર કેવી અસર થાય છે, તેનો સામાન્ય ખ્યાલ નીચે આપવામાં આવ્યો છે.

**રંગોનો શરીર પર પ્રભાવ**

**લાલ :** સ્નાયુ મંડળને સ્ફૂતિ આપે છે.

**નીલો :** સ્નાયુઓની દુર્બળતા, ધાતુક્ષય, સ્વપ્ન-દોષોમાં લાભ થાય છે અને હ્રદય તથા મસ્તકને શક્તિ આપે છે.

**પીળી :** મસ્તકના વિકાસ, કબજિયાત, યકૃત અને પ્લીહાના રોગોને શાંત કરવામાં ઉપયોગી.

**લીલો :** જ્ઞાન-તંતુઓ અને સ્નાયુ મંડળને બળ આપવું, વીર્ય રોગના ઉપશમમાં ઉપયોગી.

**ઘેરો નીલો :** વધુ ગરમીથી થનારા આમાશય સંબંધી રોગોના ઉપશમમાં ઉપયોગી.

**શુભ્ર (સફેદ)** : મન:શાંતિ, આનંદ અને ઊંઘ માટે ઉપયોગી.

**નારંગી:** દમ તથા વાત જેવા રોગોને મટાડવામાં ઉપયોગી.

**બૈંગની (જાંબલી):** શરીરના તાપમાનને ઓછું કરવામાં ઉપયોગી.

**રંગનો મન પર પ્રભાવ :**

કાળો રંગ : મનુષ્યમાં અસંયમ, હિંસા અને ક્રૂરતાના વિચાર ઉત્પન્ન કરે છે.

નીલો રંગ : મનુષ્યમાં ઈર્ષ્યા, અસહિષ્ણુતા, રસલોલુપતા અને આસક્તિનો ભાવ ઉત્પન્ન કરે છે.

કાપોત રંગ : મનુષ્યમાં વક્રતા, કુટિલતા અને દૃષ્ટિકોણનો વિપર્યાસ ઉત્પન્ન કરે છે.

અરુણ(કેસરી રંગ) : મનુષ્યમાં ઋજુતા, વિનમ્રતા અને ધર્મ પ્રેમ ઉત્પન્ન કરે છે.

પીળો રંગ : મનુષ્યમાં શાંતિ, ક્રોધ, માન, માયા અને લોભની અલ્પતા અને ઈન્દ્રિય-વિજયનો ભાવ ઉત્પન્ન કરે છે.

સફેદ રંગ : મનુષ્યના ખૂબ જ શાંતિ અને જિતેન્દ્રિયતાનો ભાવ ઉત્પન્ન કરે છે.

માનસિક વિચારોના રંગોના વિષયમાં અન્ય વર્ગીકરણ પણ મળે છે.

આ પ્રમાણે આંતરિક વૃત્તિઓથી સર્જાતુ રંગનું આભામંડળ અને બાહ્ય રંગો વચ્ચે એક ગૂઢ સંબંધ રહેલો છે, એમ કહી શકાય.

**અન્ય દર્શનોમાં લેશ્યા સિદ્ધાંતઃ**

ભારતમાં ગુણ–કર્મના આધારે આ પ્રકારનું વર્ગીકરણ કરવાની પ્રથા અત્યંત પ્રાચીન છે. જૈન ઉપરાંત બૌદ્ધ અને ગીતાની પરંપરામાં પણ તેનો ઉલ્લેખ જોવા મળે છે. અન્ય શ્રમણ–પરંપરાઓમાં પણ આ પ્રકારનું વર્ગીકરણ થયેલું છે. દીર્ઘનિકાયમાં આજીવક સંપ્રદાયના આચાર્ય મંખલિપુત્ર ગોશાલક અને અંગુત્તરનિકાયમાં પૂર્ણ કાશ્યપના નામ સાથે આ વર્ગીકરણનો નિર્દેશ છે. તેમની માન્યતા અનુસાર કૃષ્ણ, નીલ, લોહિત, હરિદ્ર, શુક્લ અને પરમ શુક્લ – આ છ પ્રકારની અભિજાતિઓ હોય છે.

જૈન દર્શન અનુસાર અહીં અનેક પ્રકારનું શબ્દ–સામ્ય છે. પણ અહીં આ વર્ગીકરણ કેવળ મનુષ્યો પૂરતું સીમિત છે, જ્યારે જૈન દર્શનમાં સમગ્ર પ્રાણી–વર્ગનો સમાવેશ થાય છે.

મનોદશા અને આચરણપૂર્વ–વર્ગીકરણ બૌદ્ધ–વિચારણાનું મહત્ત્વનું અંગ છે. તેમાં પ્રશસ્ત અને અપ્રશસ્ત મનોભાવ તથા કર્મના આધાર પર માનવજાતિને કૃષ્ણ અને શુકલ વર્ગમાં વિભાજિત કરવામાં આવી છે. જે ક્રૂર કર્મ કરનાર છે તે કૃષ્ણ અભિજાતિના અને જે શુભ કર્મ કરનાર છે તે શુક્લ અભિજાતિના છે. કૃષ્ણ અને શુક્લ બંને પ્રકારના મનુષ્યોનો ગુણ કર્મને આધારે ત્રણ ત્રણ ભાગોમાં વહેંચવામાં આવ્યા છે. જૈનાગમ ઉત્તરાધ્યયનમાં પણ લેશ્યાઓને પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે વિભાગોમાં વિભાજિત કરીને તેના ત્રણ ત્રણ પ્રકાર આપવામાં આવ્યા છે. બૌદ્ધ વિચારણામાં શુભાશુભ કર્મ અને મનોવૃત્તિની દૃષ્ટિએ તથા ગીતાના સોળમાં અધ્યાયમાં દૈવી અને આસુરી પ્રકૃતિનું નિરૂપણ છે, તેમાં પણ મૂળભૂત દૃષ્ટિબિંદુ મનુષ્યના આંતર–બાહ્ય, ભાવ અને ક્રિયાના સંદર્ભમાં જ નિહિત છે.

આ વર્ગીકરણ વ્યક્તિગત નૈતિકતાની સાથે સામાજિક દૃષ્ટિએ પણ કરવામાં આવ્યું છે. સામાજિક દૃષ્ટિએ તેમાં ચાતુર્વણ્ય – ચાર વર્ણ કે જ્ઞાતિપ્રથાના સિદ્ધાંતનું રૂપ ગ્રહણ કર્યું. તેમાં જન્મગત જ્ઞાતિપ્રથા કે કર્માનુસાર જ્ઞાતિપ્રથાના એવો વિષાદ પણ રહ્યો. સૂક્ષ્મ રૂપે તેમાં પણ માનવ પ્રકૃતિમાં રહેલ શુભ–અશુભ મનોભાવોને જ મહત્ત્વ અપાયું છે.

આ પ્રમાણે માનવપ્રકૃતિમાં રહેલી સદ્ અને અસદ્ વૃત્તિનું વ્યક્ત સ્વરૂપ – જે સૂક્ષ્મ અને સ્થૂળ દૃષ્ટિએ જોઈ શકાતું નથી – તે લેશ્યા છે. શુભ ને અશુભ વૃત્તિઓ અને કર્મ અનુસાર મનુષ્યની આસપાસ રચાતા આભામંડળથી વ્યક્તિનો સાચો પરિચય મેળવી શકાય છે. શુભ–અશુભ વૃત્તિઓ અને આભામંડળના રંગ વિશે જૈન ઉપરાંત વિવિધ દર્શનોમાં પણ ઊંડું સંશોધન થયું છે. તથા વ્યક્તિ અને સમષ્ટિના વ્યાપક ધોરણે આ વિશે વિચારણા કરવામાં આવી છે, વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ તેનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે.